# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૦૭/૧૨/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ધી કલોધીંગ મેન્યુફેકચરર્સ એસોસીએશન ઓફ ઇન્ડિયા દ્વારા મુંબઇ ખાતે યોજાનારા 'ફેબ શો'માં ભાગ લેવા સુરતના ઉદ્યોગકારોને આમંત્રણ

### ભારત, વિશ્વમાં કાપડ વ્યવસાય ક્ષેત્રે બીજો નંબર ધરાવે છે. જો કે, પહેલા અને બીજાનો તફાવત દૂર કરવા જઇએ તો આગામી દસ વર્ષ સુધી ઓછામાં ઓછા ૨૫ ટકાના દરે ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીએ સતત ગ્રોથ કરવો પડશે : આશીષ ગુજરાતી

### સીએમએઆઇ દ્વારા ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીની આખી વેલ્યુ ચેઇનને સાંકળવાના ભાગરૂપે પ્રથમ વખત ફેબ શોનું આયોજન કરવામાં આવ્યું છે : સુરત ઉપરાંત જયપુર, અમદાવાદ, લુધિયાના, કોલકાતા અને બેંગલુરુ ખાતે 'ફેબ શો' માટે રોડ શો યોજાશે

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ધી કલોધીંગ મેન્યુફેકચરર્સ એસોસીએશન ઓફ ઇન્ડિયા દ્વારા સંયુકતપણે સોમવાર, તા. ૬ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'સીએમએઆઇ ફેબ શો લોન્ચીંગ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરતના ઉદ્યોગકારોને ધી કલોધીંગ મેન્યુફેકચરર્સ એસોસીએશન ઓફ ઇન્ડિયા દ્વારા મુંબઇ ખાતે યોજાનારા ફેબ શોમાં ભાગ લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે ભારત વિશ્વમાં કાપડ વ્યવસાય ક્ષેત્રે બીજા નંબર ધરાવે છે. જો કે, પહેલા અને બીજાનો તફાવત દૂર કરવા જઇએ તો આગામી દસ વર્ષ સુધી ઓછામાં ઓછા ૨૫ ટકાના દરે સતત ગ્રોથ કરવો પડશે. ભારતે, ટેક્ષ્ટાઇલ ક્ષેત્રે વિશ્વભરમાં નામના મેળવી છે. કોટર્ન યાર્ન બનાવવામાં ભારત, વિશ્વમાં પ્રથમ ક્રમાંકે છે. એમએમએફ યાર્ન ઉત્પાદનમાં ભારત વિશ્વમાં બીજા ક્રમાંકે છે, પરંતુ ગારમેન્ટ અને એપેરલ ક્ષેત્રે ટોપ ટેનમાં પણ નથી. વિશ્વ આખું રેડીમેડ ગારમેન્ટ તરફ જઇ રહયું છે ત્યારે ભારતના ઉદ્યોગોને ગારમેન્ટ અને એપેરલ ક્ષેત્રે ખૂબ મોટી તક છે, જેને ભારતના ઉદ્યોગો ઝડપી શકે છે.

ભારતમાં વર્લ્ડ કલાસ લેવલના યાર્ન પ્રોડકશન યુનિટો, ફેબ્રિક બનાવતા યુનિટો અને પ્રોસેસિંગના યુનિટો છે પણ વૈશ્વિક માંગ સામે ડિઝાઇનમાં કયાંક ચૂકી રહયા છે. એનામાં મજબુતી લાવીને ગારમેન્ટ ક્ષેત્રમાં વિશ્વ કક્ષાએ વિકાસ કરી શકાય છે. સપ્ટેમ્બર મહિનામાં કેન્દ્રીય કાપડ મંત્રી પીયુષ ગોયલ સુરત આવ્યા હતા ત્યારે તેમણે અમેરિકા, યુરોપ અને યુ.એ.ઇ. સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવાની વાત કરી હતી. તે અનુસંધાનમાં વાણિજ્ય મંત્રાલય દ્વારા યુ.એ.ઇ. સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અંતિમ તબકકામાં હોય ટુંક સમયમાં તેની અમલવારી થનાર છે તથા ભારત અને યુ.કે. વચ્ચે પણ આ બાબતે ચર્ચાઓ ચાલુ થઇ ગઇ છે. આથી થોડાક સમયમાં ભારતના ઉદ્યોગોને એફ.ટી.એ.નો લાભ મળવાની સંભાવના છે.

ઉપરોકત બધી બાબતોને ધ્યાનમાં લઇ ધી કલોધીગ મેન્યુફેકચરર્સ એસોસીએશન ઓફ ઇન્ડિયા દ્વારા મુંબઇ ખાતે ફેબ શોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દેશભરમાંથી તથા વિશ્વના જુદા–જુદા દેશોમાંથી પણ ગ્રાહકો આવશે. સુરતના ઉદ્યોગકારો જો આ ફેબ શોમાં પોતાની પ્રોડકટ પ્રદર્શિત કરશે તો તેને વૈશ્વિક કક્ષાએ ધંધાકીય તક મળી રહેશે. આથી તેમણે સુરતના ઉદ્યોગપતિઓને આ ફેબ શોમાં ભાગ લેવા માટે અનુરોધ કર્યો હતો.

ધી કલોધીગ મેન્યુફેકચરર્સ એસોસીએશન ઓફ ઇન્ડિયાના પ્રમુખ રાજેશ મસંદે જણાવ્યું હતું કે, સીએમએઆઇ દ્વારા અત્યાર સુધી રાષ્ટ્રીય કક્ષાએ ૭૪ નેશનલ ગારમેન્ટ ફેર યોજાઇ ચૂકયા છે. જેમાં મહત્વની બાબત એ છે કે, નેશનલ ગારમેન્ટ ફેરની જાહેરાતના ૪૮ કલાકની અંદર જ તમામ સ્ટોલ બુક થઇ જાય છે. સીએમએઆઇ પ્રથમ વખત ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીની આખી વેલ્યુ ચેઇનને સાંકળવા જઇ રહયું છે અને તેના ભાગરૂપે પ્રથમ વખત ફેબ શોનું આયોજન કરવામાં આવ્યું છે. ફેબ્રિકના ઉત્પાદનમાં સુરત અગ્રેસર છે ત્યારે સુરતના ઉદ્યોગકારોને ફેબ શોમાં ભાગ લેવા તેમણે આમંત્રણ આપ્યું હતું. તેમણે સુરતમાં સીએમએઆઇની એક બ્રાંચ શરૂ કરવાની પણ ઇચ્છા વ્યકત કરી હતી.

ફેબ શોના ચેરમેન નવીન સૈનાનીએ ફેબ શો અંગે પ્રેઝન્ટેશન રજૂ કરી જણાવ્યું હતું કે, મુંબઇના બ્રાન્દ્રા ઇસ્ટમાં જીયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે આગામી તા. ૨૨ થી ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ દરમ્યાન ફેબ શોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૦૩૭૫ ચોરસ મીટરમાં ૨૫૦થી વધુ એકઝીબીટર્સ દ્વારા ભાગ લેવામાં આવનાર છે. ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીના દરેક સેકટરના ઉદ્યોગકારો ફેબ શોમાં ભાગ લઇ શકે છે. સાથે જ એમએસએમઇમાં સમાવિષ્ટ ઉદ્યોગકારોને સરકારની સ્કીમનો પણ લાભ થશે.

સીએમએઆઇના ભૂતપૂર્વ પ્રમુખ એન્ડ ચીફ મેન્ટર રાહુલ મહેતાએ પણ ફેબ શો વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખ ડો. અજોય ભટ્ટાચાર્યએ સુરતમાં ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીને ડેવલપ કરવા સીએમએઆઇને મદદરૂપ થવા અનુરોધ કર્યો હતો.

ફિઆસ્વીના ચેરમેન ભરત ગાંધીએ જણાવ્યું હતું કે, સુરતમાં ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીને ડેવલપ કરવા માટે ટ્રેઇન મેનપાવરની આવશ્યકતા છે. સીએમએઆઇ જો જવાબદારી લેશે અને ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી માટે ટ્રેનીગ સેન્ટર ખોલવા માગશે તો સુરતના ઉદ્યોગકારો દ્વારા સીએમએઆઇને મદદ કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું.

ચેમ્બરના ગૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્યએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અંતે ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલાએ સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.